

ગાંધીનગર શહેરની ખાણીપીણી બજાર ગંદકીથી ખદબદી રહ્યું છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. એક તરફ ચોમાસાની ગંદકી તેમજ ખાણીપીણી બજારની ગંદકીને પગલે આ વિસ્તારમાં દુર્ગંધથી માથુ ફાટી જાય તેવી દુર્ગંધ મારે છે.ત્યારે લીલના પણ થર જામતા આ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજય ફેલાયું હોય તેવી સ્થિતિનું નિર્માણ પામ્યું છે.ત્યારે આ વિસ્તારમાં ગંદકી તાત્કાલીક ધોરણે દુર થાય તેવી લોકમાંગ પ્રબળ બનવા પામી છે.

# બીએસએફ ભરતી કૌંભાડમાં ચિલોડા પોલીસ તપાસ માટે દિલ્હી જશે

## બીએસએફની લેખિત પરીક્ષા દિલ્હી ખાતે લેવાઈ હતી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા બીએસએફ કેમ્પમાં ફિઝિકલ ટેસ્ટ માટે ૩૦૦ થી વધુ ઉમેદવારો આવ્યા હતા. જેમાં ૧૫ જેટલા ઉમેદવારના ફ્રીંગરપ્રિન્ટ મેચ ન થતા ચિલોડા પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેંતરપિંડીનો ગુનો નોંધાયો છે. ત્યારે ચિલોડા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. ત્યારે ચિલોડા પોલીસ તપાસઅર્થે દિલ્હી ખાતે જશે, કારણ કે બીએસએફમાં કોન્સ્ટેબલ જનરલ ડયુટીની ભરતીની લેખિત પરીક્ષા દિલ્હી મુકામે લેવાઈ હતી. જેથી ભરતી કૌંભાડ માટેની તપાસ માટે પોલીસ દિલ્હી જઈ પરિક્ષામાં બેસનાર ઉમેદવારો અને તેમને મદદગારી કરનારની તપાસ હાથ ધરશે.જયારે રિમાન્ડ દરમિયાન આરોપીઓ કંઈ બોલવા તૈયાર નથી, જેને પગલે આ કેસમાં હજુ પણ ઘણા બધા નામ ઉમેરાશે તે નક્કી છે.જયારે આરોપીઓ ગુજરાત બહાર રહેતા હોવા છતા ડીસાના આધારકાર્ડ રજુ કરીને ખોટા દસ્તાવેજ તૈયાર કરવા અને કાવતરાની કલમો ઉમેરવામાં આવી છે. ઉમેદવારો મોટાભાગના રાજસ્થાન અને હરીયાણાના હોવાથી તે દિશામાં પણ પોલીસ તપાસ શરુ કરી છે. ત્યારે હવે ભરતી કૌંભાડ અંગે ચિલોડા પોલીસ દિલ્હી સહિતના વિવિધ શહેરોમાં ફરીને તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે બીએસએફ ખાતે ફીઝીકલ ટેસ્ટ યોજાઈ હતી. જેમાં ૩૦૦ થી વધુ ઉમેદવારોમાં ૧૫ ઉમેદવારોના ફ્રીંગરપ્રિન્ટ લેખિત સમયે આપેલા ફિંગર પ્રિન્ટથી મેચ થતા ન હોવાથી સમગ્ર મામલો બહાર આવ્યો હતો.



ઓમકાર પાન પાર્લર સે. ૨૧ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઓમકારનાથ ઠાકુર, સિતારામભાઈ પટેલ સાથે મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના મહેસૂલી કર્મયોગીઓના સત્યાગ્રહ છાવણી ખાતે દિવસભર ધરણા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મંડળે આંદોલન પર જવાના આપેલા આદેશને પગલે જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો.

આજે ધરણાનો કાર્યક્રમ રજાનો દિવસ હોવાથી પ્રજાને હાલાકી ના પડે તે ધ્યાને રાખી પસંદ કરાયો હોવાનું પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે ધરણાનો આજનો કાર્યક્રમ રાજ્યવ્યાપી હતો અને દરેક જિલ્લા મથકો પર તેને સારો પ્રતિસાદ મળ્યો છે.

રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે સરકાર સમક્ષ તેમના પડતર પ્રશ્નો લેખિત અને મૌખિક રજુઆતો કરી થાક્યા પછી આંદોલનના માર્ગે જવાનો નિર્ણય લેવાની ફરજ પડી છે. તેમણે કહ્યુ કે સરકારે આજદિન સુધી તેમની પડતર માંગો અંગે કોઈ જ પ્રકારનો પ્રતિસાદ આપ્યો નથી જે દુઃખદ બાબત છે.

દેસાઈએ કહ્યુ હતુ કે ૧૯મીથી રાજ્યભરના કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વર્ક ટુ રૂલ પ્રમાણે કામગીરી કરશે. જે ૨૩મી ઓગષ્ટ સુધી ચાલશે. આ પછી પણ સરકાર તરફથી પ્રતિસાદ નહિ મળે તો ૨૬મી ઓગષ્ટે રાજ્યભરના મહેસુલી કર્મચારીઓ માસ સી.એલ. પર જશે તેમજ જિલ્લા કચેરી ખાતે સૂત્રોચ્ચાર કરશે. ૨૯મી ઓગષ્ટથી પછી અન્ય વિકલ્પ ન રહેતાં અચોક્કસ મુદતની હડતાલ પર જઈશુ. નાયબ મામલતદારથી મામલતદારની બઢતી માટે સિનીયોરીટીની યાદી તૈયાર કરવા, કલાર્ક કેડરના કર્મચારીઓને તાત્કાલિક ધોરણે નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી આપવી જેવા ૧૧થી વધુ પ્રશ્નો સરકારમાં પડતર છે.



# સરગાસણ વિસ્તારમાં એક ફલેટમાં પાંચ મકાનના તાળાં તુટયા !

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી પળવારમાં પલાયન થઈ જાય છે. પોલીસના રાત્રી પેટ્રોલીંગ વચ્ચે પણ ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ન્યું સરગાસણ વિસ્તારમાં ગતરાત્રીના સુમારે એક જ ફલેટના પાંચ મકાનના તાળા તુટવાની ઘટના સામે આવી છે. જો કે આ ફલેટના મકાનમાંથી ખાસ કોઈ ચીજવસ્તુઓની ચોરી થઈ ન હોવાથી પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવા પામી નથી. પરંતુ સરગાસણ વિસ્તારમાં ચોરીની ઘટના બનતા સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે તાજેતરમાં ન્યું વાવોલ વિસ્તારમાં પણ એક મકાનનું તાળુ તોડી તસ્કોર કળા કરી પલાયન થઈ ગયા હતા.

સરગાસણ વિસ્તારના એક ફલેટના પાંચ મકાનના તાળા તુટતા સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલમાં ન્યું ગાંધીનગરમાં સરગાસણ વિસ્તારમાં અનેક ફલેટ, બંગ્લોઝ અને સોસાયટીની સ્કીમો આવેલી છે. જેમાં હજજારો નગારીકો વસવાટ કરે છે. રાત્રીના સમયે પણ આ વિસ્તાર ધમધમતો જોવા મળે છે. ત્યારે તસ્કરોની આંખ હવે આ વિસ્તારમાં ફરતી થઈ હોય તેમ લાગી રહ્યું છે. એક સાથે પાંચ મકાનના તાળા તુટ્યા હોવા છતા પોલીસ ચોપડે કોઈ ફરીયાદ નોંધાઈ નથી. મકાનમાંથી ખાસ કંઈ ચીજવસ્તુઓની ચોરી થઈ ન હોવાથી મકાન માલિકોને ફરીયાદ કરવાનું ટાળ્યું છે. જયારે જે ફલેટના મકાનના તાળા તુટ્યા તે ફલેટમાં સીસીટીવી કેમેરા નો અભાવ હોવાથી તસ્કરો કયા ગેટથી આવ્યા અને કયાં ગયા તે પણ જાણી શકાયું નથી તેમ આંતરીક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.



કલાત્મક હિંડોળા : સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા મહોત્સવનાં આખરી ચરણમાં દિવ્ય અને ભવ્ય હિંડોળાનું આયોજન કરાયું હતું. આ કલાત્મક હિંડોળાના દર્શન અર્થે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સ્વયંસેવકો દ્વારા હિંડોળાનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું હતું.

## ચિલોડા સ્વામીનારાયણ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવાયો

શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળા ચિલોડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય સ્થિત વિદ્યાલય સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગિની તારાદીદીની અધ્યક્ષતામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. શાળાના આચાર્ય માનસિંહભાઈ ચૌધરી, શાળા નિયામક પી.પી. પટેલ તથા શાળા પરિવાર ઉપસ્થિત રહીને બાળકો-શિક્ષકોને રાખડી બાંધી હતી.

# ગાંધીનગર શહેર-જિલ્લામાં શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી

ગાંધીનગર શહેર-જિલ્લામાં શ્રાવણીયા જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. શહેરના વિવિધ સ્થળો પર જુગાર રમતા જુગારીઓ પોલીસના હાથે રંગે હાથ ઝડપાઈ ગયા છે. ત્યારે સરગાસણ, દંતાલી અને પેથાપુર ખાતે જુગાર રમતા ૧૬ શકુનીને પોલીસે પકડી પાડ્યા છે. જેમાં ઈન્ફોસીટી પોલીસ મથકના પીઆઈ એસ.જે.રાજપૂતના માર્ગદર્શન હેઠળ સરગાસણ સ્વાગત એફોર્ડ ફલેટ નં એચ૩૦ ખાતે રેઈડ પાડી હતી. જેમાં જુગાર રમતા ૭ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા હતા. જુગારીઓમાં ફલેટમાં રહેતો ભાવિક નરેશ પટેલ, દર્પિત ભરત પટેલ, હિમાંશુ ઉર્ફે ભુરો નવનીત પટેલ, સહિત બાયડના તેનપુરનો રહેવાસી સચિન બળવંત પટેલ,કરણ ચીમન પટેલ, નિકોલમાં રહેતો દિપેશ જવાહર પટેલ, હર્ષદ મંગળદાસ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૩૪,૮૦૦ તેમજ મોબાઈલ નંગ-૯, ૮ લાખની વર્ના કાર, તેમજ રૂ.૨૫ હજારની કિંમતનું બાઈક કબ્જે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજીતરફ પેથાપુર પોલીસો બાતમીનો આધારે પેથાપુરમાં દરોડો પાડી ગજુ કરશન દંતાણી, જશુ રામાજી ઠાકોર, ભુપત કાના રાવળ, અને નગીન ડાહ્યા જાદવને પકડી તેમની પાસેથી ત્રણ મોબાઈલ સહિત રોકડ રૂ.૧૦,૪૭૦ મળી કુલ રૂ. ૧૨,૯૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે અડાલજ પોલીસે દંતાલી ગામમાં દરોડો પાડીને રૂ.૨૧૫૦ ના રોકડ મુદ્દામાલ સાથે દિનેશ ચંદુ ઠાકોર, કનુ કાળીદાસ પટેલ, અંકિત ભરત ઠાકોર, ભરત શાંતિલાલ પટેલ અને રાજેશ કાંતિ રાવળ મળીને ૫ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**ઈ-ટેન્ડર ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૫ સને ૨૦૧૦-૨૦૨૦**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણ કામના ઠેકાદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪, ગાંધીનગર દ્વારા વિજળીકરણના કુલ ૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૧,૬૪,૦૩૯.૧૫ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.
ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૯/૮/૨૦૧૯ તા. ૨૩/૮/૨૦૧૯ ૧૨.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૯૦૯/૧૯-૨૦


# શહેરીજનો માણી રહ્યા છે મોસમ સાથે મકાઈની મજા

શહેરમાં ઝરમર-ઝરમર વરસાદ પડી રહ્યો છે ને વાતાવરણ પણ રળિયામણુ બન્યુ છે ત્યારે રસ્તા પર મકાઈ વેચતા વેપારીઓનો ધંધો જામ્યો છે. શહેરના સેક્ટરો, કુડાસણ, સરગાસણથી આગળ એસ.જી. હાઈવે તથા ચ-રોડથી આગળ પણ મકાઈની લારીવાળા દ્વારા શેકેલી અને બાફેલી મકાઈ વેચાણમાં છે. જે લગભગ ૨૦ થી ૫૦ રૂ. સુધીમાં મળે છે.



વરસાદી માહોલ હાલ શહેરમાં જામી રહ્યો છે ત્યારે શહેરીજનો ગરમ ચા-ભજીયા ખાવાનો આગ્રહ તો રાખી જ રહ્યા છે. સાથે સાથે ગરમ મકાઈ ખાવાનો ક્રેઝ પણ શહેરીજનોમાં વર્તાઈ રહ્યો છે. તાજી શેકેલી મકાઈ ડોડા ઉપર મસાલો અને લીંબુ લગાવી ખાવાની મજા જ કંઈ ઓર છે. વરસોથી આમ શેકેલા મકાઈ ડોડા વેચતા વેપારીઓ કહે છે કે અમે દર વર્ષે શેકેલી મકાઈ તો વેચીએ જ છીએ પણ હાલ બાફેલી મકાઈ યુવાનોમાં હોટ ફેવરિટ છે. એમાય બટર અને ચીઝવાળી બાફેલી મકાઈનું બાઉલ ખાવા માટે રસ્તે જતા દરેક ઉભા રહીને મકાઈ ખાય છે અને પછી જ આગળ જાય છે. આ વાતાવરણમાં ગરમ-ગરમ મકાઈ ખાવાની મજા જ કંઈક અલગ છે તેવુ તેઓ કહેતા પણ સાંભળવા મળે છે.

શહેરના સેકટરો તથા સરગાસણથી અમદાવાદ જતા એસ.જી. હાઈવે, ચ-૦ થી અમદાવાદ તરફ જતા રસ્તે તથા સે. ૨૮ના ગાર્ડનથી લઈ પેથાપુર સુધી મકાઈ મળી રહી છે.

શેકેલી મકાઈનો ભાવ લગભગ ૨૦ રૂ. છે. જયારે બાફેલી મકાઈનો બાઉલ રૂ. ૩૦માં સાદી, ૫૦ રૂ. બટર અને ૬૦ થી ૭૦ રૂ.માં ચીઝ મકાઈનો બાઉલ વેચાણમાં છે. નાનેરાથી લઈ મોટા દરેક મોસમ સાથે મકાઈની મજા માણી રહ્યા છે.





www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ગુજરાત સરકાર**
**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.-૩ (એસ.કે.) વર્ષ ૨૦૧૯-૨૦૨૦**

કાર્યપાલક ઈજવેકશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર - ૩૮૨૦૦૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા આવા પ્રકારના કામના અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો અને RFP Bid (ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | કામનું નામ | ૧) બાનની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા |
|---|---|---|
| ૧ | સેક્ટર-૮, ગાંધીનગર ખાતે આવેલ સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગની સાફ-સફાઈની માલસામાન સાથેની કામગીરી.<br>(કામની અંદાજીત રકમ રૂ. ૧૯૬૩૨૦૦/-) | ૧) રૂ. ૧૯૭૦૦/-<br>૨) રૂ. ૯૦૦/-<br>૩) ૧૨ મહિના |
| ૨ | તા. ૨૪ થી ૨૮ સપ્ટેમ્બર-૨૦૧૯ દરમિયાન ઈન્ડીયા વૉટર વીક-૨૦૧૯, દિલ્હી ખાતે યોજાનાર પ્રદર્શન માટે જળસંપત્તિ વિભાગના થીમ પેવેલીયનના કોન્સેપ્ચ્યુલાઈઝેશન, ડીઝાઈનીંગ, કન્સ્ટ્રક્શન તથા ઈરેકશન અને મેઈન્ટેનન્સના કામની એજન્સીની નિમણુંકની કામગીરી. (RFP Bid) | ૧) ૧ લાખ<br>૨) ૧૫૦૦/-<br>૩) ૫ લાખની બેંક સોલવંશી (ચાલુ કેલેન્ડર વર્ષ ૨૦૧૯) |

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૧૬/૮/૨૦૧૯થી તા. ૩૧/૮/૨૦૧૯, ૧૮:૦૦ કલાક સુધી ડાઉનલોડ/અપલોડ કરી શકાશે. ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી) ઉક્ત બંને કામના જરૂરી દસ્તાવેજો તા. ૧/૯/૨૦૧૯ થી તા. ૭/૯/૨૦૧૯ સમય ૧૬.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી સ્વીકારવામાં આવશે.
(૧) અનુ.નં. ૧ના કામનું ટેન્ડર તા. ૭/૯/૨૦૧૯ સમય ૧૭:૦૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો)
(૨) અનુ.નં.૨ના કામની પ્રીબીડ મિટીંગ તા.૨૨/૮/૨૦૧૯ના રોજ સમય ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. સદર કામનું પ્રાઈમરી / ટેકનીકલ બીડ તા. ૩૧/૮/૨૦૧૯ના રોજ ખોલવામાં આવશે અને સદર કામનું પ્રાઈસ બીડ તા. ૩૧/૮/૨૦૧૯ સમય ૧૮:૦૧ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

માહિતી/૯૦૮/૧૯-૨૦